ગાંધીનગર સમાચાર

# ચિત્રોડી ગામે અગમ્ય કારણસર બે બાળકોના મોત, સાત સારવાર હેઠળ

ખેડબ્રહ્મા, તા. ૮
ખેડબ્રહ્મા તાલુકાના ચિત્રોડી ગામે એક ફળીયાના આઠ બાળકો અને એક મહિલાના અચાનક ઉલ્ટીઓ થતા સારવાર માટે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.



ખેડબ્રહ્મા તાલુકાના ચિત્રોડી ગામે ગુરૂવારે સાંજના એક જ કુટુંબના રમણભાઈ લાડુભાઈ અંગારી અને નટુભાઈ લાડુભાઈ અંગારીના બાળકો પ્રવિણાબેન નટવરભાઈ અંગારી ઉં.વ. ૩ તથા રણજીતભાઈ રમણભાઈ ઉં.વ. આશરે ૪ના બે નાના બાળકોને ઉલ્ટીઓ અને હાથપગ ખેંચાવવા લાગતા તેમને ખેડબ્રહ્મા ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જ્યાં પ્રવિણાબેનને તબીયત નાજુક જણાતા તેમને સારવાર અર્થે હિંમતનગર રીફર કરાયા હતા, જ્યાં પ્રવિણાબેનનું મોત નિપજ્યું હતું જ્યારે ખેડબ્રહ્મા ખાતે સારવાર લઈ રહેલ રણજીતભાઈનું પણ સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

જ્યારે શુક્રવાર સવારે ફળીયામાં વધુ કેસ નોંધાતા અન્ય પાંચ બાળકો સહીત એક મહિલાને ઉલ્ટીઓ થતા તેમને ખેડબ્રહ્મા કોંગ્રેસસમિતિ પ્રમુખ જનકસિંહ વાઘેલા અને રામજી મહારાજ સહિતના કાર્યકરો પહોંચી જઈ આરોગ્ય તંત્રને જાણ કરતાં અને ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ તથા જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલો સામે આવતા આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલિક ઈન્ચાર્જ ટી.એચ.ઓ. હિતેશ પટેલ અને આરોગ્ય ટીમ દ્વારા ચિત્રોડી પહોંચી જઈ પરિસ્થિતિ જાણી પગલા લીધેલ હતા.

ચિત્રોડીથી સવારે પાંચ બાળકો સારવાર માટે લાવવામાં આવ્યા હતા, જ્યારે બપોરે એક મહિલાને સારવાર માટે લાવવામાં આવેલ હતી, જેની જાણ થતા જનરલ હોસ્પિટલ ખાતે ખેડબ્રહ્મા પ્રાંત ઓફિસર વિશાલભાઈ આર. સકસેના, નાયબ મામલતદાર નરેશભાઈ ડોડીયા, કરણસિંહ સહિતની ટીમ દોડી આવી પરિસ્થિતિ વિશે માહિતી મેળવી હતી.

### ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં મૃત્યુ પામેલ બાળકોના નામ

રણજીતભાઈ રમણભાઈ અંગારી, ઉં.વ.આ. ૪
પ્રવિણાબેન નટવરભાઈ અંગારી, ઉં.વ. આ. ૩

### સારવાર હેઠળના દર્દીઓના નામ

સોનલબેન લાડુભાઈ અંગારી, ઉં.વ. આ. ૨૨
નીતાબેન ભગાભાઈ અંગારી, ઉં.વ. આ. ૧૮
ડિમ્પલબેન લવજીભાઈ અંગારી, ઉં.વ. આ. ૧૨
મરકીબેન પુનાભાઈ અંગારી, ઉં.વ. આ. ૫૫

### ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ

કિંજલબેન કાનજીભાઈ અંગારી. ઉં.વ. આ. ૧૨
રાહુલભાઈ લુકાભાઈ અંગારી, ઉં.વ. આ. ૧૨



આ અંગે જનરલ હોસ્પિટલમાં ફીજીશ્યન સર્જન ન હોવાના કારણે હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. ઓદિચ્ય દ્વારા રીફર કરવાની વાત આવતા વાલીઓએ ના પાડતા વાતાવરણ તંગ થઈ ગયું હતું પરંતુ તંત્ર દ્વારા સમજાવતા આખરે મામલો ઠાળે પડ્યો હતો.

આ અંગે ઈન્ચાર્જ ટી.એચ.ઓ. હિતેશ પટેલે જણાવ્યું હતું કે ચિત્રોડીમાં હાલ આરોગ્યની ટીમ ઉતારી દેવામાં આવી છે અને પાણીમાં દવાનો છંટકાવ કરવામાં આવેલ છે, પાણીના અને ફૂડ સેમ્પલ લેવામાં આવેલ છે. જેનો રીપોર્ટ આવ્યા બાદ જ શેના કારણે બાળકો ઉલ્ટી અને હાથ પગની બિમારીમાં સપડાયા છે તે જાણી શકાશે.

જનરલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટે જણાવેલ કે ખેડબ્રહ્મા હોસ્પિટલમાં એમ.ડી. ફીજીશીયનની પોસ્ટ ખાલી હોઈ જરૂરીયાતવાળા લોકોને સારવાર મળી શકતી નથી. માટે અમારે સારવાર માટે આગળ મોકલવા પડે છે.

# ભિલોડા તાલુકાના નાંદોજ પંથકમાં દિપડાનો આતંક

ભિલોડા,તા.૮
અરવલ્લીની ગીરીમાળાઓના ડુંગરાળ વિસ્તાર પાસે આવેલ ભિલોડા તાલુકાના નાંદોજ પંથકમાં દિપડાનો આતંક વધતાં પ્રજાજનો, ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ ભયભીત બની ગયા છે. નાંદોજ પંથક સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોમાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. નાંદોજ પંથકમાં ખોરાકની શોધમાં આવેલા દિપડાએ મધ્યરાત્રે બે નીલ ગાય, બે બકરા, ૧ કુતરાને શિકાર બનાવી મારણ કરતાં નાંદોજ પંથકમાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. નાંદોજ ગામના સામાજીક કાર્યકર ખેડુત ભરતભાઈ પરમારના જણાવ્યા મુજબ નાંદોજ પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી રાત્રીના સુમારે દિપડાનો આતંક વધતાં ખેડુતો ભયભીત બન્યા છે ત્યારે વન વિભાગ ધ્વારા દિપડાને પકડવા માટે પાંજરૂ મુંકવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે. નાંદોજ પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી ખોરાકની શોધમાં આવતો દિપડો પાલતું પશુઓનો શિકાર કરતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુગરાળ વિસ્તારોમાં દિપડો અને વન્ય હિંસક પ્રાણીઓ અવાર-નવાર પાલતું પશુઓનું મારણ કરતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના વન વિભાગના અધિકારીઓ ધ્વારા સત્વરે પાંજરૂ મુંકી દિપડો અને વન્ય હિંસક પ્રાણીઓને ઝડપી લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી ઉઠવા પામી છે.



સમગ્ર સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાના બાળકોના મુલ્યાંકન અર્થે શરૂ થયેલા ત્રિદિવસીય ગુણોત્સવ કાર્યક્રમના દ્વિતીય દિવસે જિલ્લા પ્રભારી અને ગૃહ રાજ્યમંત્રી શ્રી રજનીકાન્ત પટેલે વડાલી તાલુકાની મેધ પ્રાથમિક શાળાના બાળકોનું મુલ્યાંકન કર્યું હતું. મેધની શાળાના ધો. ૪ના પ્રાથમિક જ્યારે ૫ થી ૮ના ઉચ્ચ પ્રાથમિક વિભાગના બાળકોના આંતરિક અને બાહ્ય મુલ્યાંકન કર્યા બાદ સાંજની ગ્રામસભામાં ગ્રામજનોને સંબોધતા મંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી છે. જેમાં દિકરીઓમાં શિક્ષણની પુરતી તક મળી રહે તે માટે કન્યા કેળવણી મહોત્સવ શરૂ કરવામાં આવ્યો છે. જેના થકી ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે. કન્યાઓ માટે અલગથી શૌચાલયની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી હોવાનું ઉમેર્યું હતું.

## બીઆરસી ખેડબ્રહ્માની વેબ સાઈટ ખુલ્લી મુકાઈ

ગુણોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રી રજનીભાઈ પટેલના વરદ હસ્તે પાટડિયા વર્ગ પ્રાથમિક શાળામાંથી ગુણોત્સવ કાર્યક્રમ પુર્ણ થયા બાદ બીઆરસી ખેડબ્રહ્મા દ્વારા તૈયાર કરવામાં આવેલ વેબ સાઈટ ખુલ્લી મુકવામાં આવી. આ અંગે બીઆરસી પિયુષકુમાર બી. જોષી અને તા. પ્રા. શિ. અ. મનહરલાલના જણાવ્યાનુસાર જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન અને ડીપીઈઓ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શિક્ષકોને એક પ્લેટફોર્મ પુરૂ પાડવાના હેતુથી આ વેબસાઈટ શરૂ કરવામાં આવી છે. આ વેબ સાઈટ પર સર્વશિક્ષા અભિયાનની તમામ માહિતી મળી શકશે સાથે ઈશિક્ષક વેબસાઈટની પણ લીંક આપવામાં આવેલ હોઈ શિક્ષકો સાથે જોડાઈ શકાશે.

## પાલનપુર-અમદાવાદ હાઈ-વે પરથી અજાણી મહિલાનો વિકૃત હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર

પાલનપુર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાવ તળીયે બેસી ગઈ છે. જેની પ્રતિતી કરાવતો વધુ એક બનાવ બનવા પામ્યો છે. શહેરના અમદાવાદ હાઈવે પર કર્ણાવતી શોપીંગ સેન્ટર સામે એક અજાણી મહિલાનો વિકૃત હાલતમાં મૃતદેહ મળી આળતા ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુરના અમદાવાદ હાઈવે પર સી.એન.જી. પેટ્રોલપંપ પાછળથી એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રથમ નજરે ભિક્ષુક જેવી લાગતી અજાણી મહિલાનો અત્યંત વિકૃત હાલતમાં દુર્ગંધ મારતો મૃતદેહ મળી આવતા પોલીસ અને એફએસએલની ટીમ દોડી આવી હતી. જોકે મૃતદેહની



હાલત જોતા તેનું મર્ડર થયું હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. ત્યારે પોલીસે અજાણી મહિલાના રહસ્યમય મોતનું પગેરૂ શોધવાના પ્રયાસો હાથ ધર્યા છે. ઘટનાને પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જોકે આ અજાણી મહિલાના અપમૃત્યુને લઈને અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે.

## પેથાપુરમાંથી બે પશુને કતલખાને લઈ જતા બે શખ્સ પકડાયા

હિંમતનગર, તા. ૮
હિંમતનગર તાલુકાના ઈલોલ નજીક આવેલ પેથાપુર ગામેથી બુધવારે સાંજના સુમારે પાસ પરમીટ વિના પીકઅપ ડાલામાં બે પશુઓને કતલખાને લઈ જતા બે શખ્સોને ગ્રામજનોએ તેમને ઝડપી લીધા હતા. ત્યારબાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસને જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર તાલુકાના ગઢોડાના ઈન્દીરાનગરમાં રહેતા કિરણભાઈ કાંતીલાલ રાવળ તથા માળીના છાપરીયામાં રહેતા શાહરૂખભાઈ નાથુભાઈ મુલતાની બુધવારે સાંજના સુમારે પીકઅપ ડાલા નં. જીજે.૯. એવી. ૮૬૯૪ માં બે ભેંસોને પાણી તથા ઘાસચારાની સગવડ વિના ગેરકાયદે લઈ જઈ રહ્યા હતા. જે અંગે ગ્રામજનોએ આ વિસ્તારમાં થઈ રહેલી પશુ ચોરીનો ભેદ ઉકેલવાના આશયથી પીકઅપ ડાલા સાથે બંને જણાને અટકાવ્યા હતા. ત્યારબાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનો જાણ કરતા પી.એસ.આઈ. સી.વી. નાયકે રૂ. ૩૦ હજારની બે ભેંસો તથા રૂ. ૫ લાખના પીકઅપ ડાલાને કબજે લઈ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# મોડાસામાં પતંગ મહોત્સવનો પ્રારંભ, દેશ વિદેશના ૪૦ પતંગબાજો જોડાયા

મોડાસા, તા. ૮
અરવલ્લી જિલ્લાના મોડાસાના આંગણે દેશ-વિદેશના પતંગબાજોના આવેલા ૩૦ પતંગબાજોએ તેમજ રાજસ્થાન અને ગુજરાતના ૧૦ પતંગબાજોએ ભાગ લીધો હતો. પતંગ મહોત્સવને સાબરકાંઠા જિલ્લાના પતંગબાજોએ જણાવ્યું હતું. અને અવારનવાર ભારતમાં અમને આવવા મળે તેવી પ્રભુને પણ પ્રાર્થના કરીએ છીએ સાથે ભારતના લોકો અમને





વિદેશી પતંગો સાથેના કરતબો માણવાનો એક અવસર ઉજવાયો હતો. જેમાં દેશ અને વિદેશના ૪૦ પતંગબાજોએ ભાગ લઈ શહેરીજનોને અનેરૂ આકર્ષણ પુરૂ પાડ્યું હતું. સર્વ પ્રથમ અરવલ્લી જિલ્લામાં આજથી ઈન્ટરનેશનલ પતંગ મહોત્સવનું ઉદ્‌ઘાટન જિલ્લાના સંસદે કર્યું હતું.

ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ અને જિલ્લા વહીવટીતંત્ર અને મોડાસા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય પતંગમહોત્સવ-૨૦૧૬ મોડાસાના આંગણે યોજાયો હતો. ત્યારે આ મહોત્સવ વિદેશથી સાંસદ દીપસિંહ રાઠોડ દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો છે. ત્યારે આખો દિવસ ચાલનારા આ પતંગ ઉત્સવને સામાન્ય પ્રજાજનો પણ હોંશેહોંશે માણી શકે તે માટે પુરતી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૬ મોડાસાના આંગણે યોજાયો છે ત્યારે તેમાં ભાગ લઈ રહેલા વિદેશી પતંગબાજોએ ખુશી સાથે જણાવ્યું હતું કે તેમના કેટલાક પ્રથમવારમાં કેટલાકે ત્રીજી, ચોથીવાર ભાગ લીધો છે. આ પ્રકારના મહોત્સવથી ભારતીય સંસ્કૃતીની ખુશાલી થતી હોવાનું ખુબ ગમે છે અને પ્રેમાણ છે એટલે અમે ભારતમાં આવીએ છીએ અને પતંગ મહોત્સવમાં ભાગ લઈએ છીએ.

અરવલ્લી જિલ્લાના મોડાસાના આંગણે યોજાયેલા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૬માં ઉપસ્થિત રહેલા વિદેશી પતંગબાજોને પતંગ ચગાવતા જોઈ મહોત્સવ માણવા આવેલા આમ લોકોએ ખુશાલી મેળવી હતી. મોડાસાના આંગણે સર્વ પ્રથમવાર યોજાયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાના આ મહોત્સવએ જિલ્લાને ગૌરવ પ્રદાન કર્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### તલોદમાં કારની ટક્કરે પ્રૌઢ કોમામાં સરી પડ્યા

તલોદ શહેરમાં પ્રવેશ કરવાના માર્ગે દૂધ ભરીને ઘર આગળ ઉભા રહેલા એક પ્રૌઢને મારૂતી ઈકો કારે જોરદાર ટક્કર મારી દેતા પ્રૌઢ ગંભીર ઈજાઓ થકી કોમામાં સરી પડ્યા હતા. જ્યારે કારચાલક અકસ્માત સર્જી ભાગી છુટ્યો હતો.

તલોદ શહેરના પ્રવેશ દ્વાર એવા મામલતદાર કચેરી નજીક રહેતા મણીભાઈ ચેલાભાઈ પટેલ (ઉં.વ.૫૫) ખેતીવાડી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. જેઓ થોડા દિવસ અગાઉ સાંજે તલોદ ગામમાં પોતાનું સ્કૂટર લઈ દૂધ મંડળીમાં દૂધ ભરાવી પરત આવી માર્ગ ઉપર પોતાના ઘર આગળ ઉભા હતા. દરમ્યાન તલોદ તરફથી આવતી મારૂતી ઈકો કાર નં. જીજે. ૧૮. બીબી.૦૧ ૩૫ના ચાલકે પોતાના કબ્જાનું વાહન ગફલતભરી રીતે, બેદરકારીપૂર્વક ચલાવી મણીભાઈને જોરદાર ટક્કર મારી નાસી છુટ્યો હતો. અકસ્માતની જાણ થતા દોડી આવેલા લોકોએ ભાગી છુટેલ કારચાલકનો નંબર મેળવી ઈજાગ્રસ્ત પ્રૌઢને તાત્કાલિક તલોદના ખાનગી દવાખાને ખસેડ્યા હતા. જ્યાં માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ હોવાથી વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા છે. જ્યાં આ પ્રૌઢના માથામાં ગંભીર ઈજાઓ થતાં હાલ કોમામાં સરી પડ્યા હોવાનું જાણવા મળેલ છે.

### ડીસાની આદર્શ હાઈસ્કૂલનો સુવર્ણજયંતિ મહોત્સવ યોજાયો

ડીસામાં આવેલ આદર્શ હાઈસ્કૂલના પચાસ વર્ષ પૂર્ણ થતા સુવર્ણજયંતિ મહોત્સવનું આયોજન કરાયું છે. તા. ૬, ૭, ૮ જાન્યુઆરી એમ ત્રિદિવસીય મહોત્સવ પર્વ નિમિત્તે ગઈકાલે સાંસ્કૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રાસ-ગરબા, નાટક તેમજ ગુજરાતી નૃત્યો રજુ કરીને લોકોના મન મોહી લીધા હતા. ત્યારબાદ આદર્શ પરિવાર દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ પધારેલ મહેમાનોનું ફૂલ, શાલ, શિલ્ડ અને પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ દાતાઓનું પણ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### ચિઠોડામાં બંધ મકાનમાંથી ૩૫ હજારની મત્તા ચોરાઈ

વિજયનગર તાલુકાના ચિઠોડા ગામે આવેલ બાબુભાઈ સોમાભાઈ રેંટીયાના ઘરમાંથી ગત તા. ૪ જાન્યુઆરીના રોજ અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી રૂ. ૧૫ હજાર રોકડ તથા કબાટમાંથી રૂ. ૨૦ હજારની ૧૨ સાડી મળી રૂ. ૩૫ હજારની મત્તા ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે બાબુભાઈ રેંટીયાએ બુધવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### મહેસાણા જિલ્લાના પ્રભારી સચિવ આણંદભાંખરી શાળાની મુલાકાતે

મહેસાણા જિલ્લાના પ્રભારી સચિવ પી.ડી. વાઘેલાએ સતલાસણા તાલુકાની આણંદભાંખરી શાળાની મુલાકાત કરી હતી. રાજ્ય સરકારના ગુણોત્સવના આ છઠ્ઠા કાર્યક્રમમાં પ્રભારી સચિવે શિક્ષક સહજ ભાવે બાળકો સાથે અભ્યાસી પ્રવૃત્તિઓની પ્રશ્નોત્તરી કરી હતી. આ ઉપરાંત ગ્રામજનો સાથે બેઠક યોજી ગામના પ્રશ્નોના નિરાકરણ સાથે ગ્રામ વિકાસોની વાતો કરી.

સચિવશ્રી વાઘેલાએ શિક્ષક સહજ સ્વભાવનો આગવી શૈલીમાં પરિચય આપતાં આ ગામની પ્રાથમિક શાળાના બાળકો સાથે સામાન્ય જ્ઞાન, ગણિત, વિજ્ઞાન વિષયક પ્રાથમિક પ્રશ્નોત્તરી કરી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લાના છેવાડાના વિસ્તારની ગામની પ્રાથમિક શાળાના વર્ગખંડોમાં સ્વયં પહોંચી જઈને બાળકોના વાંચન, લેખન, ગણનનું જ્ઞાન આજીવન શિક્ષક સાહજીકતાથી ચકાસ્યુ હતુ અને શાળા શિક્ષકો-આચાર્યને જરૂરી સૂચનો કર્યા હતા. પ્રભારી સચિવે દરેક બાળક અને શિક્ષકે વર્ષમાં પાંચ પુસ્તકોનું વાંચન કરવા અનુરોધ કર્યો હતો.

### દુઃખદ અવસાન

પિયુષ શાહ (વિનોદ મેડિકલ) રહે. હિંમતનગરના માતુશ્રી અને સ્વ. નવનીતલાલ પુરૂષોત્તમદાસ શાહ (દલાલ) ના ધર્મપત્ની ગં.સ્વ. શકુન્તલાબેનનું તા. ૭ જાન્યુ.૨૦૧૬ના રોજ ૭૬ વર્ષની પ્રૌઢ વયે તલોદ ખાતે અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું રવિવાર તા. ૧૦-૧-૧૬ના રોજ બપોરે ૧ થી ૪ દરમ્યાન નગરપાલિકા સંચાલિત હોલ, પશુ દવાખાના પાસે, તલોદ ખાતે રાખેલ છે.